सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૭ ફેબ્રુઆરી-૨૦૦૮ અંક - ૪

## વાલીઓને....

સંસ્થાના સ્થાપકશ્રી ભોગીભાઈ ઠાકરે તેમની સાથેની વાતચીતમાં મને જણાવ્યું હતું કે દ્વિતીય મોન્ટેસરી સંમેલન શારદામંદિરમાં ભરાયું હતું. (૧૯૨૪ અથવા ૧૯૨૫) ના અરસામાં.

સંમેલનના મુખ્ય પ્રમુખ તરીકે જાણીતા બાલ શિક્ષણકાર શ્રી ગીજુભાઈ બધેકા હતાં અને તેમણે પ્રમુખ તરીકે જે વ્યાખ્યાન આપેલું તેમાંથી થોડુંક નીચે જણાવતાં આનંદ થાય છે.

"શું આપણને આપણી બાલ્યાવસ્થામાં ડગલે ને પગલે તેવો અનુભવ નથી થયો કે આપણે બાળકો એટલે આપણા માબાપનાં ઘરના રમકડાં ? માબાપ પોતે રાજી થવા પોતાને ગમતાં કપડા-લતા આપણને પહેરાવે, આપણને, પોતે ખુશ થાય ત્યારે જ ખવડાવે, પીવડાવે , રમાડે, જમાડે , કુદાવે , નચાવે, મહેમાનો આવે ત્યારે આપણને બતાવીને આપણું પ્રદર્શન કરીને માબાપોએ માન લેવાનું ? સમાજમાં હરવા-ફરવા લઈ જતા આપણને એટલા માટે શણગારે કે માબાપે શરમાવું ન પડે. સારી ચીજો એટલે વસાવે કે એક શ્રીમંત માબાપથી બીજા શ્રીમંત માબાપ બાળકો માટે રમકડાં વધારે રાખે છે તેનું અભિમાન બતાવવું."

આજની પરિસ્થિતિ બદલાયેલાં સંદર્ભમાં જરાય પરિવર્તન પામી નથી તેવું લાગે છે કારણકે આજે પણ માબાપની અપેક્ષાઓ નીચે બાળકો જે તાણ અનુભવે છે તેને કારણે આત્મહત્યા કરવાની સંખ્યા રોજેરોજ છાપામાં વાંચીએ છીએ. આપણી અપેક્ષાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચારવું આવશ્યક છે તેમ કહેવું વધુ પડતું નથી.

## વાર્ષિક પરીક્ષા અંગે..

નાના વિદ્યાર્થીઓને અત્યારે અભ્યાસક્રમનો ભાર અને પુસ્તકોનો ભાર ખૂબ જ છે તેવું સામાન્ય રીતે સૌને લાગવા માંડયું છે. અને બાળકો ગોખણપટ્ટી, અભ્યાસનાં બોજામાંથી મુક્ત થઈ શકે તે માટેનાં પ્રયાસો થવા લાગ્યા છે. તેના એક ભાગરૂપે શિક્ષણ ખાતા તરફથી તાજેતરમાં એક પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે શ્રેણી ૧ થી ૭ ની મૂલ્યાંકન પ્રણાલીમાં એક વખત પરીક્ષામાં પૂછયા બાદ પછીની ક્રમિક કસોટીઓમાં થઈ ગયેલા અભ્યાસક્રમ આધારે પ્રશ્નો ફરીથી ન પૂછવા.

આને અનુલક્ષીને પ્રથમ સત્રના આયોજન પ્રમાણે જે અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હોય તેની કસોટી લેવી અને આ સત્રની કસોટીમાં જે અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેને બીજા સત્રમાં લેનાર કસોટીમાં સમાવેશ ન કરવો.

આથી કરીને સૌ વાલીઓનું તે તરફ ધ્યાન દોરવા માંગું છું કે ઉપરોક્ત બાબત ધ્યાનમાં રાખીને આ વખતની વાર્ષિક પરીક્ષામાં પ્રશ્નો રહેશે અને તેથી કરીને જે કાંઈ આનુષંગિક ફેરફાર કરવા જરૂરી હશે તે કરવામાં આવશે તેની સૌ વાલીઓ નોંધ લે.

## શાળાએ આવવા જવા સાઈકલનો ઉપયોગ કરતા બાળકો માટે :

અમદાવાદની સોસાયટીઓમાં સામાન્ય રીતે ૧૦ થી ૧૪ વર્ષની ઉમરના બાળકો સાઈકલ ઉપર જઈ શકે તેવું વાતાવરણ છે પરંતુ સાઈકલ પર જતાં બાળકને ટ્રાફિકના નિયમો અંગે પૂરેપૂરી સમજ આપવી જરૂરી છે.

બાળકો રસ્તા પર સાઈકલ કેવી રીતે ચલાવવી તે જાણતા જ હોતા નથી. મોટે ભાગે પરસ્પર વાતોના રસને લીધે ૩-૪ની લાઈનમાં સમાન્તરે જતાં હોય છે. આ રીતે ઝડપથી આવતાં વાહન માટે સાઈકલો ઘણો મોટો રસ્તો રોકી લે છે. સાઈકલ પર પરસ્પરની સાથે તોફાન કરતા પણ જોવા મળે છે.

બાળક એકાએક સાઈકલ ઉભી રાખી દે છે. આ સંજોગોમાં પાછળથી આવતાં ઝડપી વાહન વડે અકસ્માતનો ભય રહે તે સ્વાભાવિક છે. આ ઉપરાંત જ્યારે ટર્નીંગ પોઈન્ટ ઉપર જ્યાં રસ્તા છૂટાં પડતાં હોય છે ત્યાં ૪-૫ બાળકો સાઈકલો ઉભી રાખીને વાતો કરતાં હોય છે.

સાઈકલ ચલાવવા માટે લાઈસન્સની જરૂર હોતી નથી અને તેથી ટ્રાફિકનાં મૂળભૂત નિયમોનો ખ્યાલ બાળકને હોતો જ નથી. આથી વાલીએ બાળકને તેની સમજ આપવી જોઈએ.

ના વંદન

## પુસ્તક પરિચય

**સંજય દ્રષ્ટિ ( શૈલેષ રાવલ : સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી )**

સંજય દ્રષ્ટિ પ્રથમ દ્રષ્ટિએ જ કેમેરાના લેન્સ દ્વારા લખાયેલા નિબંધો. અનેક વિષયો ઉપર ફોટોગ્રાફ અને એને આનુષંગિક ભૂલાઈ જતા લોકજીવનના પાસા આ પુસ્તકમાં જોવા મળે છે. લુપ્ત થતું લોકજીવન આમાં સચવાય છે.

**ગિલ્લુ ખીસકોલી ( સુધાબેન ભટ્ટ : સંસ્થાના શિક્ષક )**

૪૫ જેટલી બાળવાર્તાઓનો પ્રકૃતિ સાથે એકાકાર થવાનો અનુભવ કરાવે તેવી, બાળકોને રસપૂર્વક વાંચવી ગમે તેવી વાર્તાઓનો આ સંગ્રહ બાળવાર્તામાં નવી ભાત પાડે છે. લેખિકાનો નિતાંત પ્રકૃતિપ્રેમ રોચક છે.

**Birds of Gujarat : ( Dr.R.B.Balar )**

ગુજરાતમાં ૩૨૯ જેટલા પક્ષીઓના ફોટોગ્રાફ અને તેની જરૂરી માહિતી આપતું પક્ષીદર્શનમાં રસ હોય તેમને માટેનું ખૂબ ઉપયોગી અને અનિવાર્ય પુસ્તક છે.

**અતરાપી : ( શ્રી ધ્રુવ ભટ્ટ )**

દરેક વાલીએ વાંચવા લાયક 'તોતોચાન' જેવું જ ( પ્રાણીઓને પાત્રો બનાવી ) નવી શૈલીથી લખાયેલ, લઘુ નવલિકા ગુજરાતી સાહિત્યમાં જુદી ભાત પાડે છે.

## 'છોકરાંઓને ચોપડીની બહાર માથું કાઢવા દો.'

'અરે, નંદિષ ! તું શું કરી રહ્યો છે ક્યારનો ? તારે લેસન નથી કરવાનું ? કોણ જાણે તને આ સંગીતનું આવું તે કેવું ઘેલું લાગ્યું છે તે જ સમજાતું નથી. પણ કંઈ આખો દિવસ એમાં જીવ રાખે તે કંઈ ઓછું પોસાશે.. ભણવું તો પડશે ને ! ગમે તેટલું બધું આવડશે, પણ પરીક્ષામાં માર્ક્સ્ તો સારાં લાવવા જ પડશે ને ! મને શું ખબર ! આમ કરવાનો હોત તો સંગીત શરૂ જ ન કરત... કંઈ ભણ્યાં વીના ઓછું જ ચાલવાનું છે !

'અરે અર્ચન ! આ શું ? તું ગાંડો થઈ ગયો છે કે શું ? આમ અરીસા સામે ઉભો રહીને શું એકલો એકલો બડબડ કરે છે ? કંઈ થયું છે ?'

'અરે જા ને મમ્મી ! મને હેરાન ન કર...કાલે મારી સ્કૂલમાં ટ્રાફિક નિયંત્રણ નિમિત્તે મારે ત્રણ મિનિટ ભાષણ આપવાનું છે તેની તૈયારી કરું છું.'

'હવે આપ્યાં ભાષણ... ભણવાનાં તો ઠેકાણા નથી. આ હમણાં જ પ્રગતિપત્રકમાં તો રીમાર્ક આવી છે કે 'બરાબર અભ્યાસ કરો' ને ત્હોંય તને આ બધું સૂઝે છે ! એ બધામાં ટાઈમ બગાડયાં વીના બરાબર ભણો ને ત્હોય બસ છે, કરવાનું કરતાં નથી, ને બીજા બધાં ધંધા સૂઝે છે, ભણવું જ કયાં ગમે છે ? 'ઢ' રહેવાનો છે 'ઢ'.

'અરે ! આ ચિત્ર બીજા ત્રીજા ધોરણનાં બાળકોએ કર્યા છે ? શું વાત કરો છો ? આટલા નાના બાળકો આટલું સરસ ચિત્ર કરી શકે છે ? કેતકીબેન ! મને સાચે જ આશ્ચર્ય થાય છે. આ વખતે તો બાળકોએ આ ચિત્રસ્પર્ધામાં અદ્દ્ભૂત કામ કર્યું છે. ધોરણ એકથી સાતનાં બધાં જ બાળકો એ દિવસે ચિત્ર કરવા બેઠા એ દૃશ્ય જોયું હોય તો જાણે જીંદગીનો એક લ્હાવો હતો. સૌ બાળકો રંગ અને રેખામાં જાણે તન્મય બની ગયાં હતાં કોઈ મનગમતી રમત, તો કોઈ મનગમતો ઉત્સવ દોરતાં હતાં. જાણે નજરોનજર એ દૃશ્ય નિહાળીને જ આલેખતાં ન હોય ! ચિત્ર એ હૃદયના ભાવોને અભિવ્યક્ત કરવાનું બહુ જ સરસ માધ્યમ છે. મને બરાબર યાદ છે. બાલમંદિરમાં તાલીમનાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવે ત્યારે જે વર્ગ રેલ્વેના પાટા પાસે હોય તે વર્ગનાં મોટા ભાગનાં બાળકોએ ટ્રેન જ દોરી હોય. આમ જુઓ તો કોઈ પણ કલા, પછી તે સંગીત હોય, ચિત્ર હોય, વકતૃત્વ હોય કે બીજી કોઈ પણ કલા હોય એ કલા માણસના હૃદયનાં ભાવોને અભિવ્યક્ત કરે છે, એને સંવેદનશીલ બનાવે છે અને એમાંથી જ માનવ જીવંત માનવ બને છે, પણ આપણે એ વાત સમજીએ છીએ ખરાં !

આપણને માબાપોને તો મગજમાં એક જ રટણ ચાલુ હોય છે કે મારા દીકરાનો પહેલો નંબર આવવો જોઈએ, એ ટોપર બનવો જોઈએ અને એટલે આવી કોઈ પણ ઈતરપ્રવૃત્તિ સ્કૂલમાં યોજાય તો તેમાં બાળકો તરફથી બહુ મોળો પ્રતિસાદ મળે છે, 'બેન ! મારી મમ્મી ના પાડે છે.. પછી એ બધું કરવામાં ભણવાનું બગડે ને !' પણ આવા કાર્યક્રમો જ્યારે યોજાય છે, અને એમાં બાળકોની રજૂઆત જ્યારે જોઉ છું ત્યારે મને થાય છે કે આમાં માબાપ જો હાજર હોય તો એમને ખ્યાલ આવે કે તમારું સંતાન ભલે કદાચ પહેલો નંબર નહીં લાવતું હોય પણ તેનામાં કેટલું હીર પડયું છે. તમારે એનામાં પડેલા હીરને પારખતાં શીખવાની જરૂર છે. હું એટલે જ માબાપોને સતત કહયા જ કરું છું કે તમારા સંતાનોને ચોપડીનાં પાનાની બહાર માથું કાઢવા દો અને પછી જુઓ કે દુનિયામાં ચારે બાજુ જ્ઞાનનાં જે અઢળક ભંડાર પડયાં છે તેમાંથી તે કેટકેટલું પામી શકે તેમ છે !

હમણાં જ યોજાયેલી સુગમ સંગીત સ્પર્ધામાં પ્રિયંકાને, નિનાદને હૃદયનાં ભાવથી, સાહજીકતાથી અને ખળખળ વહેતાં ઝરણાંની જેમ સ્વર અને તાલનાં સંગમ સાથે તમે એકવાર ગાતાં જુઓ, અભિષેક જેવા છોકરાંઓને આત્મવિશ્વાસથી પોતાનાં વિચારો સરસ રીતે છટાદાર રીતે વ્યક્ત કરતાં સાંભળો, છોકરાંઓનાં ચિત્રો જુઓ, અને તમારું હૃદય એ બધી અભિવ્યક્તિથી એવું તો તરબતર થઈ જાય કે તમને એમ થાય કે આ બધાં આગળ પરીક્ષાનાં માર્ક્સ્‌ની તો કોઈ કિંમત નથી, છોકરાંઓના વ્યક્તિત્વનો સાચો વિકાસ તો ચોપડીનાં પાનામાંથી નહીં પણ આવી પ્રવૃત્તિઓમાંથી જ થાય છે - આપણે એ સ્વીકારવું જ રહ્યું.

ઊર્મિલા શાહ

## સ્વ.શ્રી રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

તા.૧૪-૨-૦૮ના રોજ સ્વ.શ્રી રમણભાઈ દવેની સ્મૃતિમાં આંતરશાળાકીય સુગમ સંગીત સ્પર્ધા યોજાઈ. સ્વ.શ્રી રમણભાઈએ શારદામંદિરને આજીવન તેમની સેવાઓ સમર્પિત કરી હતી. તેમને બાળકો વચ્ચે બેસી સંગીત કરાવતાં જોવા એ એક લ્હાવો હતો. આ સ્પર્ધા દર વર્ષે બે વિભાગમાં થાય છે. ધોરણ ૫ થી ૭ નો એક નાનો વિભાગ, ધોરણ ૮ થી ૧૦ નો મોટો વિભાગ. નાના વિભાગમાં છ સ્પર્ધકો અને મોટા વિભાગમાં સાત સ્પર્ધકોએ એમની રજૂઆત ખૂબ સુંદર રીતે કરી. આખું ય વાતાવરણ ભાવવાહી સંગીતથી ગૂંજી ઉઠયું.

આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી યશપાલભાઈ ઝાલા ઉપસ્થિત રહ્યાં હતાં. મુ.શ્રી દિનુભાઈના હસ્તે વિજેતાઓને સર્ટીફીકેટ અને ઈનામ આપવામાં આવ્યાં હતાં.

**નાના વિભાગમાં વિજેતા**

| | | |
|---|---|---|
| પ્રથમ | બુચ નિનાદ | શારદામંદિર શિશુમંદિર |
| દ્વિતીય | ઠાકર રાજવી | વિદ્યાનગર પ્રાયમરી સ્કુલ |
| તૃતીય | શોધન આરાધના | સી.એન.કિશોર વિદ્યાલય |

**અને મોટા વિભાગમાં વિજેતા**

| | | |
|---|---|---|
| પ્રથમ | બક્ષી કલગી | લીટલ ફલાવર સ્કુલ |
| દ્વિતીય | ઠાકર પ્રિયંકા | શારદામંદિર વિનયમંદિર |
| તૃતીય | શાસ્ત્રી બલરાજ | વિદ્યાનગર હાઈસ્કુલ |

**નિર્ણાયક તરીકે સંગીતજ્ઞ શ્રી મારુતિભાઈ ત્રિવેદી, શ્રી દિપાલીબેન શાહ અને શ્રી જાનકીબેન મિસ્ત્રીએ સેવા આપી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.**

## સંસ્થાનું ગૌરવ

ધોરણ ૭ માં ભણતો **ચિ.કર્મ પંડયા** દિલ્હી ખાતે યોજાયેલી ૧૩ વર્ષિય રાષ્ટ્રીય કક્ષાની ચેસ ચેમ્પિયનશીપ ૨૦૦૭માં પાંચમા ક્રમે આવ્યો છે. ભાઈ કર્મ પંડયા અંડર-૭, અંડર-૯ અને અંડર-૧૧માં ગુજરાત સ્ટેટ ચેમ્પિયન છે. આ અગાઉ તેણે સાતમા વર્ષે નેશનલ ચેમ્પિયનશીપમાં નવમો ક્રમ મેળવ્યો હતો.

તા.૧૦-૨-૦૮ને રવીવારે કર્ણાવતી કલબ ખાતે બ્રેઈનોબ્રેઈન તરફથી વૈદકિય ગણિતિક પધ્ધતિની રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી જેમાં રાજ્યભરમાંથી ૬૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૮ માં અભ્યાસ કરતો **ચિ.કરણ ટંકશાળી**એ નવમાં લેવલની સ્પર્ધામાં પ્રથમ આવી ચેમ્પિયન ટ્રોફી મેળવી છે તે બદલ અભિનંદન.

ધો.૫માં ભણતી **માનસી પરીખ**, ગુજરાત વિમેન્સ અન્ડર ૧૯ ક્રિકેટ ટીમમાં ગુજરાત ક્રિકેટ એસોસીએશન તરફથી પસંદગી પામી હતી.

ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી તરફથી તા.૧૦-૨-૦૮ના રોજ અરૂણાલાલ શિષ્યવૃત્તિ માટે યોજાયેલ ટેસ્ટમાં ધો.૧૧ના વિદ્યાર્થી **ચિ.સંવિત શાહ** પસંદ થયા છે.હવે તા.૨-૩-૦૮ ના રોજ તેઓ પોસ્ટર સ્પર્ધાના આધારે ઈન્ટરવ્યુમાં ભાગ લઈ શકશે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૯-૧૨-૦૭ને શનીવારે શહેરના લેડી સાંતાકલોઝે બાલમંદિરની મુલાકાત લીધી.

તા.૩૧-૧૨-૦૭ને સોમવારે બાળકોએ એમનામાંથી જ બનેલા સાંતાકલોઝ સાથે ખૂબ નાચી, કૂદી ને ચોકલેટ મેળવવાની મઝા માણી અને ત્યારબાદ પોતે બનાવેલ સાંતાકલોઝના મ્હોરાં પહેરી સંગીત સાથે ખૂબ આનંદભેર નાચ્યાં.

તા.૨-૧-૦૮ને બુધવારે બાલમંદિર અને તાલીમના બાળકો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. સરિતાઉદ્યાન, અમરનાથ, દેવરાજ ફાર્મમાં જઈને પાણીનો ધોધ જોઈ પાણીનાં ઉપયોગ વિશે માહિતી મેળવી. બાળકોએ ગાંધીનગરનો આ પ્રવાસ ખૂબ માણ્યો.

તા.૫-૧-૦૮ને શનીવારે પપેટ શો 'નોકર જોઈએ છે' ભજવાયુ.

તા.૧૧-૧-૦૮ને શુક્રવારે ઉત્તરાયણ નિમિત્તે તલ અને શિંગના લાડુનો નાસ્તો અને તા.૧૨-૧-૦૮ને શનીવારે પતંગના ગીતો ગાતા ગાતા રંગબેરંગી પતંગો ચગાવવાની મઝા બાળકોએ માણી.

તા.૨૫-૧-૦૮ને શુક્રવારે પ્રજાસત્તાક દિન નિમિત્તે બાળકોને હારબંધ ઉભા રાખી ધ્વજવંદન કરાવ્યું.

તા.૨૮-૧-૦૮ને સોમવારથી બાળકો માટે રમતોત્સવ યોજાયો જેમાં બાળકો માટે વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

તા.૩૦-૧-૦૮ને બુધવારે 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે ગાંધીજીના જીવનવૃતાંત વિશે માહિતી આપી બે મિનીટ મૌન પાળી રાષ્ટ્રપિતાને શ્રધ્ધાંજલિ આપી.

તા.૯-૨-૦૮ને શનીવારે બાળકોને વસંતપંચમીના તહેવારની સમજ આપી. ભગવાન સ્વામિનારાયણે પ્રગટ કરેલી શિક્ષાપત્રીની માહિતી આપી. સરસ્વતીદેવીનું કેસૂડા અને ગુલાલથી પૂજન કરવાનું ખાસ મહત્વ સમજાવી ઋતુની રાણી વસંતની માહિતી આપી.

## શિશુમંદિર

તા.૧-૧૨-૦૮ના રોજ ધો.૧ થી ૪ માટે ગુજરાતી તથા અંગ્રેજી મિડીયમ બંને વિભાગના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

**યોગની તાલીમ** - શિશુમંદિરના ધોરણ ૫ થી ૭ના બાળકો માટે નિયમીત રીતે યોગની તાલીમ શરૂ કરવામાં આવી છે.

તા.૧૮-૧-૦૮નાં રોજ ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે પતંગ સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક ભાગ લીધો.

તા.૨-૨-૦૮ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. વ્યક્તિગત અને સાંઘિક રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

**સ્વયંશિક્ષણદિન :** તા.૧૩-૨-૦૮ના રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ બહુ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું. આખોય કાર્યક્રમ બહુ સફળ નિવડયો.

**કલાપ્રતિભાશોધ ચિત્ર સ્પર્ધા :** તા.૮-૨-૦૮ના રોજ શિશુમંદિરમાં કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ સરસ ચિત્રો બનાવ્યાં.

તા.૧૮-૧૯ ફેબ્રુઆરીના રોજ બાળકોએ કરેલાં ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**સુગમ સંગીત સ્પર્ધા :** તા.૨૦-૧૨-૦૭

| | | |
|---|---|---|
| પ્રથમ | નિનાદ બુચ | ધવલગિરિ |
| દ્વિતીય | વ્યોમા મહેતા | ગંગોત્રી |
| | નિર્વન દવે | રત્નદીપ |
| તૃતીય | વિશાલ હાપલીયા | ધવલગિરિ |

નિર્ણાયક તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ વાલી બેન **દિપાલી શાહે** સેવા આપી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**નિબંધ સ્પર્ધા :** તા.૨૫-૧-૦૭

| | | | |
|---|---|---|---|
| **ગુજરાતી** | પ્રથમ | ક્રિશ્રા શાહ | મેઘનાદ |
| | દ્વિતીય | દ્વિજ જાની | ધવલગિરિ |
| | તૃતીય | અમીત રાવલ | મેઘનાદ |
| | | કૃપાલ જાદવ | મેઘનાદ |
| **અંગ્રેજી** | પ્રથમ | કરન શાહ | મેઘનાદ |
| | દ્વિતીય | મૌલી સોની | ધવલગિરિ |
| | તૃતીય | જૂઈ શાહ | મેઘનાદ |
| | | ઉત્સવી શાહ | ગંગોત્રી |
| **હિન્દી** | દ્વિતીય | વૈદેહી ચોકસી | ધવલગિરિ |
| | | જૈના ભાવસાર | ગંગોત્રી |
| | તૃતીય | સૃષ્ટિ શાહ | મેઘનાદ |
| | | માનુષ પટેલ | ધવલગિરિ |

## શારદામંદિર મોડર્ન સ્કૂલ

બ્રિટિશ લાઈબ્રેરી દ્વારા આયોજીત 'Big wild Read' Researches માં શારદામંદિર મોડર્ન સ્કૂલનાં ૩૨ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. શારદામંદિરની સાથેનાં જૂથમાં શહેરની અંગ્રેજી માધ્યમની જાણીતી શાળાઓ મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલ, સંત કબીર સ્કૂલ, રચના સ્કૂલ અને બ્રિટિશ લાઈબ્રેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તા.૧૮મી ડિસેમ્બરથી ૧ લી માર્ચ સુધીનાં આ કાર્યક્રમમાં બાળકોને 'Nature and the Environment' theme પર જુદા જુદા ૫૦ પુસ્તકો વાંચવા મળ્યાં. જેની ઉપર બાળકોએ જુદા જુદા સુંદર ચાર્ટ, નમૂના, પ્રોજેકટ વિગેરે તૈયાર કરી બ્રિટિશ લાઈબ્રેરીમાં પ્રદર્શિત કર્યા. તા.૨૭મી જાન્યુઆરીએ દરેક શાળાએ એક Performance આપવાનું હતું જેમાં શારદામંદિરના બાળકોએ રજૂ કરેલ નાટક ખૂબ પ્રશંસા પામ્યું. હવે આનો અંતિમ કાર્યક્રમ grand finale ૧ લી માર્ચને શનીવારે સાંજે ભાઈકાકા હોલમાં સાંજે ૩ થી ૬ માં યોજાશે. જ્યાં બાળકોએ બનાવેલાં નમૂના પણ પ્રદર્શિત થશે. એમાં રસ ધરાવતા વાલીઓને જરૂરથી હાજર રહેવા ખાસ આમંત્રણ છે. શારદામંદિર મોડર્ન સ્કૂલને બે Performance રજૂ કરવાનું આમંત્રણ મળ્યું છે.

## વિનયમંદિર

તા.૩૦-૧૧-૦૭ના રોજ ડૉ.મુગુટભાઈ થાનકીનું 'એક્યુપ્રેશર' વિશે પ્રવચન યોજવામાં આવ્યું.

**રમતોત્સવ :** તા.૨૪ અને તા.૨૫મી જાન્યુઆરીના રોજ શાળામાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

તા.૨૬-૧-૦૮ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. જેમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી દિવ્યાંગભાઈ મજમુદારનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

તા.૧૩-૨-૦૮ના રોજ ટ્રાફિક નિયંત્રણ સપ્તાહ નિમિત્તે કાર્યક્રમ યોજાયો. જેમાં પી.આઈ.શ્રી વી.ડી.વણાર ઉપસ્થિત રહ્યાં અને ચૌદ બહેનો તથા બાર ભાઈઓએ ટ્રાફિકની સમસ્યા અંગે સારા વકતવ્ય રજૂ કર્યા.

તા.૧૪-૨-૦૮ના રોજ સ્વ.રમણભાઈ દવે આંતરશાળાકીય સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી.

તા.૧૮-૧૯ ફેબ્રુઆરીના રોજ ધો.૧૧ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ યોજવામાં આવ્યો.

**આંતરગૃહ સ્પર્ધા :**

**સુગમ સંગીત સ્પર્ધા :** તા.૩૧-૧-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રિયંકા ઠાકર | ગીતગોવિંદ |
| દ્વિતીય | લાગણી વ્યાસ | પદ્મપુકુર |
| તૃતીય | વિરતી શાહ | મેઘદૂત |

નિર્ણાયક તરીકે શ્રી સોનલબેન રાવળે સેવા આપી તે માટે આભારની લાગણી વ્યકત કરું છું.

## ટ્રાફિક નિયંત્રણ સપ્તાહ નિમિત્તે કાર્યક્રમ

તા.૧૩-૨-૦૮ને બુધવારના રોજ શારદામંદિર વિનયમંદિરમાં વિદ્યાર્થીઓમા ટ્રાફિક નિયંત્રણ અંગેની જાગૃતિ કેળવાય તે માટે એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે પી.આઈ.શ્રી વી.ડી.વણાર મુખ્ય મહેમાન તરીકે પધાર્યા. અને સાથે પી.એસ.આઈ.શ્રી ચૌધરી તથા શ્રી બારીયા ઉપસ્થિત રહયાં હતા. આચાર્ય શ્રી દિનેશભાઈ ઓઝાએ મહેમાનશ્રીનું સ્વાગત કર્યું ને પરિચય આપ્યો. મુ.શ્રી દિનુભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. આ પ્રસંગે ટ્રાફિક નિયંત્રણ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે માટે વિદ્યાર્થી ભાઈબહેનો વકતવ્ય રજૂ કરવાનાં હતા જેમાં લગભગ ૧૪ બહેનો અને ૧૨ ભાઈઓએ તેમનાં વકતવ્યો ખૂબ સરસ રીતે રજૂ કર્યા. દરેકને ટ્રાફિક નિયંત્રણ ડીપાર્ટમેન્ટ તરફથી ભેટ આપવામાં આવી. શ્રી વનાર સાહેબે વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં જીવનમાં શિસ્ત ઉપર ખૂબ ભાર મૂકયો. ટ્રાફિકની સમસ્યામાં જો શિસ્તપાલન કરવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ હલ થઈ શકે તેમ છે તેવું તેમણે સપષ્ટ રીતે જણાવ્યું. અને એ શિસ્તપાલન માટે તેમણે આપણને પશ્ચિમના દેશોને અનુસરવાનો અનુરોધ કર્યો. અંતમાં કૉ.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેને સૌનો આભાર વ્યક્ત કર્યો.

## I.Q. અને Aptitude Test

ઘણાં વર્ષોથી ધોરણ નવમાંના વિદ્યાર્થીઓનો I.Q. અને એપ્ટીટયુડ ટેસ્ટ સંસ્થામાં લેવામાં આવે છે. વિદ્યાર્થી દસમા ધોરણમાં પાસ થાય છે ત્યારે એણે કયા પ્રવાહમાં જવું તેને માટે માબાપ તથા વિદ્યાર્થી બંનેને ખૂબ મૂંઝવણ થાય છે. સામાન્ય રીતે આ પ્રવાહ માર્કસ્ ઉપરથી જ નક્કી કરવામાં આવે છે પણ વિદ્યાર્થીને તે માટે અભિરૂચિ જ ન હોય તો તેને તે આગળ ભણવામાં તો રસ નથી જ પડતો પણ માંડ માંડ ભણી લીધાં પછી પણ એ પ્રમાણે વ્યવસાય સ્વીકારે એટલે જીવન પણ તેને બોજ બની જાય છે. એટલે જ વિદ્યાર્થી માટે I.Q.અને Aptitude test ઉપરથી તેની ભાવિ કારકિર્દી નક્કી કરવી તે વધુ યોગ્ય છે. આવા test નવામાંના વિદ્યાર્થી માટે આપણી સંસ્થામાં લેવાય છે. જે વિદ્યાર્થીને આવો Test લેવડાવવાની ઈચ્છા હોય તેના વાલીએ કૉ.ઓર્ડિનેટર ઊર્મિલાબેન શાહનો સંપર્ક કરવો.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ સંમેલન

તા.૧૩-૧-૦૮ને રવિવારે શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન આયોજીત થયું. સૌએ પરસ્પર મળવાનો આનંદ માણ્યો.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **વકતૃત્વ સ્પર્ધા** | |
| સરદાર પટેલ સેવા સમાજ | યત્ન પટેલ | દ્વિતીય ઈનામ |
| | **ચિત્ર સ્પર્ધા** | |
| વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર | મિલોની શાહ | સર્ટીફીકેટ |
| અવંતિકા પેઈન્ટીંગ કોમ્પીટીશન | સમકીત શાહ | ગોલ્ડ મેડલ |
| વન્ડર આર્ટ વર્લ્ડ ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશન | સમકીત શાહ | ગોલ્ડ મેડલ |
| | **કરાટે** | |
| ગુજરાત સ્ટેટ એમેચ્યોર ટેકવેન્ડો એસોસીએશન | પાર્શ્વ ગાંધી | ગ્રીન - I |
| | ધ્રુવ ગાંધી | ગ્રીન - I |
| | દ્વિજેશ શાહ | બ્રોંઝ મેડલ |
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન | કર્મ પંડયા | રૂ.૨૦૦/-ઈનામ અન્ડર-૧૯ |
| | **અભિનય** | |
| ગુજરાત ગણિત મંડળ | પૂર્ણ મહેતા | ઈનામ રૂ.૨૦૧ |

### કલા પ્રતિભા ચિત્ર સ્પર્ધા વિજેતાઓના નામ

**ધો.૧** પ્રથમ - ઉર્જા પરમાર, દ્વિતીય - રિધ્ધી સોની,અમન પટેલ, તૃતીય- નિસર્ગ શાહ, શૈવી ઠાકોર, નિતાંશી લાખાણી, નેન્સી ગાંધી, નિધી પરમાર, વિરાગ શાહ.

**ધો.૨** પ્રથમ - ધૈર્યા ઠક્કર, સચિ ગુર્જર, દ્વિતીય- રાજવી શાહ, નિર્મીત શાહ, તનીશા રાજપાલ, નિધી શાહ, તૃતીય - મોક્ષા પરીખ, અમન શાહ, ગ્રેસી પટેલ, પ્રિયલ શાહ, ત્વરિત પંચોલી.

**ધો.૩** પ્રથમ-મોનલ શાહ, દ્વિતીય- એષા દલાલ, કરીના શાહ, પ્રિયા પટેલ, વિશાલ દુધિયા, તૃતીય-હીર મોદી, દિપાંશી દોશી, વિસ્મય શાહ, દિશા શાહ, ધ્રુમિ શાહ.

**ધો.૪** પ્રથમ-ઉર્મન પુરોહિત, રાજ શાહ, શૈલ રાવલ, દ્વિતીય- હેત્વી દેસાઈ, રાજવી કાજીવાલા, દ્રષ્ટિ શાહ, ધ્રુવ નવલખા, પ્રાચી સોની, તૃતીય- ઉમંગ વોરા, જીલ શાહ, મૌલી સંઘવી, ધ્રુવી શાહ, જાહ્નવી ત્રિવેદી, બ્રિન્દા પટેલ, પંક્તિ આયર, કિશન પટેલ

**ધો.૫** પ્રથમ-ગરિમા મહેતા, ભાષા શાહ, દ્વિતીય-મનન જોષી, સમકિત શાહ, હીના શુકલ, હેતવી ઝવેરી, તૃતીય- નતાશા શાહ, ઝીલ પરમાર, શાશ્વત રાવલ, આયુષી શાહ, વિધિ શાહ, એકતા ઠક્કર, રીચા ભટ્ટ

**ધો.૬** પ્રથમ-પ્રિયાંશી ઠક્કર, દ્વિતીય -જાનકી પટેલ, ભાવિન પટેલ, વ્યોમા મહેતા, તૃતીય- અનેરી ગાંધી, જાનુષી શાહ, દેવર્ષિ વૈદ્ય, પ્રેરક રાજા

**ધો.૭** પ્રથમ હેલી સોપારકર,દ્વિતીય-ખુશ્બુ દેસાઈ,મીત શાહ, હેમ સોપારકર, માર્ગી જોષી, તૃતીય- ઋશ્રી શાહ,આયુષી પંડયા, મૌલી સોની, વરુણ રાવલ, આંગી શાહ, નમ્રતા પટેલ, શિવાની ઉપાધ્યાય, શૈલી ભટ્ટ, બંસરી પરીખ.

**ધો.૮** પ્રથમ-ઉત્સવી શાહ, દ્વિતીય-હરિતા ઠાકર,ભૂમિ શાહ, તૃતીય-ભૂમિબા પરમાર, માધવ ભટ્ટ.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com
Fax : (079) 26622480